# 1 ધંધાનું સ્વરૂપ, હેતુ અને કાર્યક્ષેત્ર
## (Nature, Purpose and Scope of Business)

**પરિચય :**

**આર્થિક પ્રવૃત્તિ :** આર્થિક લાભ કે નાણાકીય વળતર મેળવવાના હેતુથી કરવામાં આવતી પ્રવૃત્તિ.

**બિનઆર્થિક પ્રવૃત્તિ :** નાણાકીય વળતર કે આર્થિક ઉપાર્જનના હેતુ વગર કરવામાં આવતી પ્રવૃત્તિ.

**આર્થિક પ્રવૃત્તિ અને બિનઆર્થિક પ્રવૃત્તિ વચ્ચે તફાવત :** (1) હેતુ (2) અપેક્ષા (3) પ્રકાર (4) જોખમ અને અનિશ્ચિતતા.

**આર્થિક પ્રવૃત્તિના પ્રકાર :** (1) ધંધો (2) વ્યવસાય અને (3) રોજગાર.

**ધંધો :** નફાના હેતુથી કરવામાં આવતી કોઈ પણ કાયદેસરની આર્થિક પ્રવૃત્તિ.

**લાક્ષણિકતાઓ :** (1) નફાનો હેતુ (2) વસ્તુ અને સેવાનો વિનિમય (3) જોખમો અને અનિશ્ચિતતાઓ (4) તુષ્ટિગુણનું સર્જન (5) પ્રવૃત્તિનું સાતત્ય (6) નાણાંની જરૂરિયાત (7) આર્થિક પ્રવૃત્તિ.

**હેતુઓ :**(A) આર્થિક હેતુઓ અને (B) સામાજિક હેતુઓ.

**(A) આર્થિક હેતુઓ :** (1) નફાનો હેતુ (2) મહત્તમ સંપત્તિના સર્જનનો હેતુ (3) અન્ય આર્થિક હેતુઓ.

**(B) સામાજિક હેતુઓ :** (1) સામાજિક જવાબદારીનો હેતુ (2) રોજગારીની તકો પૂરી પાડવાનો હેતુ (3) ગુણવત્તાવાળી વસ્તુઓ અને સેવા પૂરી પાડવાનો હેતુ (4) વાજબી વેપારી રીતરસમો અનુસરવાનો હેતુ (5) અન્ય હેતુઓ.

**ધંધાકીય જોખમો :** નફાની અનિશ્ચિતતા અથવા નુકસાન થવાનું જોખમ.

**જોખમોનાં બે સ્વરૂપ :** (A) કુદરતી જોખમો અને (B) માનવસર્જિત જોખમો.

**ધંધાકીય જોખમોનાં કારણો :** (1) ટેક્નોલૉજીમાં ફેરફાર (2) વૈકલ્પિક પેદાશોનો ભય (3) હરીફાઈ (4) કાયદા (5) માંગની અનિશ્ચિતતા (6) ભૌતિક જોખમ.

**વ્યવસાય :** વ્યક્તિ તેની વિશિષ્ટ આવડત, જ્ઞાન, તાલીમ અને વ્યાવસાયિક શિક્ષણ દ્વારા સેવા પૂરી પાડી ફી મેળવે છે તેને વ્યવસાય કહે છે. દા. ત., ચાર્ટર્ડ ઍકાઉન્ટન્ટ, ડૉક્ટર.

**લાક્ષણિકતાઓ :** (1) વ્યવસાયનું શિક્ષણ (2) તાલીમ (3) સેવાના બદલામાં ફી (4) પ્રાથમિક ઉદ્દેશ સેવાનો (5) સ્વતંત્ર પ્રવૃત્તિ (6) વ્યાવસાયિક સંગઠનનું સભ્યપદ (7) આચારસંહિતાનું પાલન.

**રોજગાર :** નિશ્ચિત વેતનના બદલામાં અન્ય સાથેના કરાર અનુસાર સોંપેલું કાર્ય કરવાની આર્થિક પ્રવૃત્તિ. શારીરિક કે બૌદ્ધિક શ્રમના બદલામાં નિશ્ચિત સમયે નિશ્ચિત વેતન મળે છે.

**ધંધો, વ્યવસાય અને રોજગાર વચ્ચે તુલના :** (1) કાર્યનું સ્વરૂપ (2) લાયકાત (3) બદલો કે વળતર (4) મૂડી (5) જોખમ (6) આચારસંહિતા (7) માલિકીહિતની ફેરબદલી.

**ધંધાકીય પ્રવૃત્તિઓનું વર્ગીકરણ :** (1) વેપાર (2) વાણિજ્ય અને (3) ઉદ્યોગ.

**વેપાર :** નાણાંના બદલામાં વસ્તુ કે સેવાનો વિનિમય એટલે વેપાર.

**લાક્ષણિકતાઓ :** (1) આર્થિક પ્રવૃત્તિ (2) બે પક્ષકારો (3) વિનિમય (4) માલિકીની ફેરબદલી (5) અવેજ (6) સતત પ્રવૃત્તિ (7) નાણાંમાં મૂલ્ય (8) કાયદેસર થતી પ્રવૃત્તિ.

**વેપારના પ્રકારો :** (1) આંતરિક વેપાર : આંતરિક વેપાર દેશની સરહદમાં જ થાય છે. (2) આંતરરાષ્ટ્રીય વેપાર : બે દેશો વચ્ચે થતો વેપાર એટલે આંતરરાષ્ટ્રીય વેપાર.

**વાણિજ્ય :** વેપાર અને વેપારની સહાયક સેવાઓ એટલે વાણિજ્ય. સહાયક સેવાઓમાં બૅન્કિંગ, વીમો, વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર, વખાર અને આડતિયાની સેવાઓનો સમાવેશ થાય છે. વાણિજ્યમાં વેપારનો સમાવેશ થાય છે.

**વેપાર અને વાણિજ્ય વચ્ચેનો તફાવત :** (1) અર્થ (2) કાર્યક્ષેત્ર (3) પક્ષકારો.

**ઉદ્યોગ :** ઉદ્યોગ એટલે ઉત્પાદન. કાચા માલ ઉપર વિવિધ પ્રક્રિયાઓ દ્વારા તુષ્ટિગુણ ઉમેરવો જેથી માનવજરૂરિયાતો સંતોષી શકાય.

**ઉદ્યોગોનું વર્ગીકરણ :** (1) પ્રાથમિક (2) ગૌણ અને (3) આનુષંગિક.

**પ્રાથમિક ઉદ્યોગ :** મૂળભૂત ઉદ્યોગ. સમુદ્ર, જમીન અને હવા સાથે સંકળાયેલો છે.

**ગૌણ ઉદ્યોગ :** યંત્રો અને ટેક્નોલૉજીની મદદથી કુદરતી સંપત્તિને વપરાશયોગ્ય બનાવી ગ્રાહકો સુધી પહોંચતી થાય તે દરમિયાન કરવામાં આવતી પ્રક્રિયા.

**આનુષંગિક ઉદ્યોગ :** પ્રાથમિક અને ગૌણ ઉદ્યોગ દ્વારા જે પેદાશો મેળવવામાં આવે છે તેના ઉપર વિવિધ પ્રક્રિયા દ્વારા ગ્રાહકો માટે વધુ વપરાશ યોગ્ય બનાવે છે.

## વિભાગ A

**નીચેના પ્રશ્નોના જવાબનો સાચો વિકલ્પ પસંદ કરી લખોઃ**

1. ધંધો, નોકરી અને વ્યવસાય એ કઈ પ્રવૃત્તિનાં પ્રકાર છે?

(a) બિનઆર્થિક (b) રાજકીય (c) આર્થિક (d) મૂળભૂત

2. નીચેની પ્રવૃત્તિઓમાં કઈ પ્રવૃત્તિ આર્થિક પ્રવૃત્તિ છે?

(a) સમાજસેવાની પ્રવૃત્તિ (b) માતા-પિતા દ્વારા બાળઉછેરની પ્રવૃત્તિ

(c) નર્સની પ્રવૃત્તિ (d) સખાવત આપવાની પ્રવૃત્તિ

3. ધંધામાં નાણાકીય વળતર ક્યા સ્વરૂપે મળે છે?

(a) પગાર (b) ફી (c) વેતન (d) નફો

4. નીચેનામાંથી કયું લક્ષણ ધંધાનું નથી?

(a) નફાનો હેતુ (b) આર્થિક પ્રવૃત્તિ (c) તુષ્ટિગુણનો સર્જક (d) નિશ્ચિત વળતર

5. આર્થિક લાભ કે નાણાકીય વળતર મેળવવાના હેતુથી કરવામાં આવતી પ્રવૃત્તિને કેવી પ્રવૃત્તિ કહેવાય?

(a) બિનઆર્થિક (b) આર્થિક (c) સામાજિક (d) રાજકીય

6. ધંધાનું પ્રેરકબળ ક્યું છે?

(a) ખોટ (b) નફો (c) સેવા (d) બોનસ

7. વ્યવસાયી વ્યક્તિને તેની સેવા બદલ વળતર સ્વરૂપે શું મળે છે?

(a) ફી (b) પગાર (c) નફો (d) પ્રતિષ્ઠા

8. નીચેના માંથી કઈ પ્રવૃત્તિ બિનઆર્થિક છે?

(a) ડૉક્ટરની પ્રવૃત્તિ (b) નર્સની પ્રવૃત્તિ (c) પ્રાધ્યાપકની પ્રવૃત્તિ (d) માતા દ્વારા બાળઉછેર

9. ધંધાના હેતુને કેટલા ભાગમાં વહેંચવામાં આવ્યા છે?

(a) બે (b) ત્રણ (c) પાંચ (d) છ

10. કુદરતની નજીક રહીને ઉત્પાદન પ્રવૃત્તિ કરવામાં આવે તેને કેવા ઉદ્યોગો કહેવાય?

(a) પ્રાથમિક (b) ગૌણ (c) આનુષંગિક (d) યાંત્રિક

11. મત્સ્ય ઉદ્યોગ એ કેવા પ્રકારનો ઉદ્યોગ છે?

(a) યાંત્રિક (b) ગૌણ (c) આનુષંગિક (d) પ્રાથમિક

12. વસ્તુ કે સેવાના બદલામાં વસ્તુ કે સેવાનો અથવા નાણાંનો વિનિમય થાય એટલે શું?

(a) ધંધો (b) નોકરી (c) વેપાર (d) વ્યવસાય

13. વેપારમાં વિનિમય માટે કેટલા પક્ષકારો હોય છે?

(a) બે (b) ચાર (c) ત્રણ (d) પાંચ

14. અમેરિકાની કંપની ભારતના વેપારીને કમ્પ્યૂટર વેચે તો તે ક્યો વેપાર કહેવાય?

(a) આંતરિક (b) આંતરરાષ્ટ્રીય (c) સ્થાનિક વેપાર (d) પુનઃનિકાસ વેપાર

15.વસ્તુની સ્વરૂપ ઉપયોગિતામાં વધારો કોણ કરે છે?

(a) વેપાર (b) ઉદ્યોગ (c) નોકરી (d) વ્યવસાય

16. જે ઉદ્યોગમાં કુદરતી સાધનસંપત્તિનો ઉપયોગ થાય છે તેને ક્યો ઉદ્યોગ કહે છે?

(a) પ્રાથમિક (b) ગૌણ (c) આનુષંગિક (d) મૂડીપ્રધાન

## વિભાગ B

**નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપોઃ**

1. આર્થિક પ્રવૃત્તિનો અર્થ આપો.

2. આર્થિક પ્રવૃત્તિનાં બે ઉદાહરણ આપો.

3. બિનઆર્થિક પ્રવૃત્તિ કોને કહેવાય?

4. બિનઆર્થિક પ્રવૃત્તિનાં બે ઉદાહરણ આપો.

5. ધંધો એટલે શું?

6. જોખમના સ્વરૂપ જણાવો.

7. કુદરતી જોખમો ક્યા ક્યા હોઈ શકે?

8. માનવસર્જિત જોખમો જણાવો.

9. તુષ્ટિગુણ એટલે શું?

10. સમય તુષ્ટિગુણનું સર્જન એટલે શું?

11. સ્થળ તુષ્ટિગુણ એટલે શું?

12. સ્વરૂપ તુષ્ટિગુણ એટલે શું?

13. ઉદ્યોગ એટલે શું?

14. આંતરિક વેપાર કોને કહેવાય?

15. વિદેશ વેપારનો અર્થ જણાવો

16. આયાત વેપારનાં બે ઉદાહરણ આપો.

17. નિકાસ વેપારનાં બે ઉદાહરણ આપો.

18. પુનઃનિકાસ વેપાર કોને કહેવાય?

## વિભાગ C

**નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપોઃ**

1. 'નફો જ ધંધાને ફરતો રાખે છે' - સમજાવો.

2. 'ધંધો એ સતત ચાલતી પ્રક્રિયા છે' - સમજાવો.

3. 'ધંધો તુષ્ટિગુણનું સર્જન કરે છે' - સમજાવો.

4. હરીફાઈથી ધંધાને શું અસર થાય છે?

5. વૈકલ્પિક પેદાશને ધંધાનું જોખમ શા માટે ગણવામાં આવે છે?

6. સ્વરૂપ તુષ્ટિગુણનું સર્જન કઈ રીતે થાય છે?

7. સમય તુષ્ટિગુણનાં સર્જન માટેના બે ઉદાહરણ આપો.

8. વેપારની સહાયક સેવાઓ જણાવો.

9. વ્યવસાયી વ્યક્તિઓનું ફીનું ધોરણ અલગ અલગ હોય છે. શા માટે?

10. વેપાર અને વાણિજ્યનો અર્થ આપો.

## વિભાગ D

**નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપોઃ**

1. આર્થિક પ્રવૃત્તિનો અર્થ જણાવી તેના પ્રકારો જણાવો.

2. આર્થિક પ્રવૃત્તિ અને બિનઆર્થિક પ્રવૃત્તિનો તફાવત લખો.

3. વેપારનો અર્થ આપી વેપારના પ્રકારો  સમજાવો.

4. રોજગારનો અર્થ આપી રોજગારના લક્ષણો સ્પષ્ટ કરો.

5. ધંધાકીય જોખમો વિશે સમજાવો.

6. ધંધાના આર્થિક હેતુઓ સમજાવો.

7. ધંધો અને રોજગાર વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

8. વાણિજ્યનાં લક્ષણો જણાવો.

**વિભાગ E**

**નીચેના પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ આપો:**

1. વેપારનો અર્થ આપી વેપારનાં લક્ષણો સમજાવો.

2. ધંધાનો અર્થ આપી ધંધાનાં લક્ષણો સમજાવો.

3. ઉદ્યોગનો અર્થ આપી ઉદ્યોગના પ્રકારો સમજાવો.

4. વેપાર અને વાણિજ્યનો તફાવત સ્પષ્ટ કરો.

5. ધંધાનો અર્થ આપી ધંધાના હેતુઓ સમજાવો.

6. ધંધો, વ્યવસાય અને રોજગારની તુલના સમજાવો.